# ઘોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૧૨

# ચોપડાની ઇન્દ્રજાળ



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



# ચોપડાની ઇન્દ્રજાળ

લેખક :- ચંદ્રકાન્ત પંડ્યા
સાહિત્યપ્રકાર :- આત્મકથા ખંડ
સંદર્ભ : 'બાનો ભીખુ' માંથી

મહત્ત્વની કૃતિઓ :-

- બાનો ભીખુ ભાગ 1-2
- 'સુદામે દીઠી દ્વારામતી' → યુરોપ પ્રવાસ
- ઘડીક સંગ શ્યામ રંગનો → આફ્રિકાનો પ્રવાસ
- 'વસાહતીઓનું વતન' → અમેરિકા પ્રવાસ

## શબ્દસમજૂતી

દાયકો - દસકો, દસ વર્ષનો સમયનો ગાળો
ઋણ - દેવું, કરજ
ઉજ્જડ જમીન - વેરાન જમીન
વેઠ કરવી - આર્થિક બદલો આપ્યા વિનાની કરાતી મજૂરી કે કામ
ધીરધાર - વ્યાજે નાણાંની આપ-લે કરવી
પુષ્કળ - ખૂબ, અતિશય
શાહુકાર - ધનવાન, પૈસાદાર
મુક્ત - આઝાદ, સ્વતંત્ર
મુદ્દલ = મૂળ રકમ

## તળપદા શબ્દો

દાઉકાર - શાહુકાર
મોંઘારત - સસ્તાપણું
આપદા - આપત્તિ
પોયરાં - છોકરા
કીધે ગેયલો હોઈ - ક્યાંક ગયો હશે
કોહાડી - કોશી

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page No.
DATE: / /

આલ્યું - આપ્યું
ની - નહીં
પૈહા - પૈસા
ભુચખાં - ભૂખ્યાં
હાવ - સાવ

ચુહાઈ - ચુસાઈ
ગીયાં - ગયાં
હેર - શહેર
કાકું - કઠણ, મુશ્કેલ

## વિરુદ્ધાર્થી શબ્દો

શાહુકાર x ગરીબ
અજ્ઞાની x જ્ઞાની
પ્રમાણિક x અપ્રમાણિક
ઉદાર x કંજૂસ
લેણદાર x દેણદાર

## રૂઢિપ્રયોગ : શબ્દો

ઘી કેળાં હોવાં - પૈસાદાર હોવું, માલામાલ હોવું
અરેરાટી અનુભવવી - ત્રાસી જવું, દુઃખ અનુભવવું
આર્થિક સંકડામણ હોવી - આર્થિક તકલીફ હોવી, ગરીબ સ્થિતિ હોવી
નવ નેજા પડવાં - ખૂબ તકલીફ પડવી
હૃદય દ્રવી ઉઠવું - ખૂબ જ દુઃખી થવું
સતર પંચા પંચાણું - અજ્ઞાની પ્રજાને છેતરવા માટે પ્રયોજાતું ખોટું ગણિત

## કહેવત

બોડીને તો બક્ડી કાંસકી કેવી ? - અત્યંત દરિદ્રતા હોવી (અહીં) જેને ખાવાનું ન હોય તેની પાસે સાધન ક્યાંથી

ઢાંકી મુઠી લાખની - જ્યાં સુધી વાત બહાર ન જાય ત્યાં સુધી ઈજ્જત સચવાય.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



# સ્વાધ્યાય

1. 1) લેખકને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો, કારણ કે...
→ જીવલાના છોકરાનો મોંનો કોળિયો પોતે ઝૂંટવ્યો હોય તેવું લેખકને લાગ્યું.

2) જીવલાની કરુણ દશા જોઈને...
→ લેખકનું હૃદય દ્રવી ઊઠ્યું.

2. 1) ઉજ્જડ જમીનમાં જે ધાન પાકતું તેમાં કોનો લાગો (ભાગ) રહેતો ?
→ ઉજ્જડ જમીનમાં જે ધાન પાકતું એમાં રાજ, અમલદાર, ઘરાકું, તલાટી, ભૂવો અને શાહુકારનો લાગો (ભાગ) રહેતો.

2) ગરીબોનું શોષણ કરનાર શોષકોનો રંગ કેવો હતો ?
→ ગરીબોનું શોષણ કરનાર શોષકોનો રંગ રાતો હતો.

3. 1) લેણદાર અને દેણદારના આવકમાં રહેલો વિરોધાભાસ જણાવો.
→ લેણદારને ત્યાં ગરીબ દેણદાર જીવલો જાય તો એ પોતાની સાથે પછેડી બાંધી લાવેલ બાજરીનો રોટલો ઓટલે બેસીને ઓશિયાળાની જેમ ખાય. લેખક આ તેને અથાણું ને થોડી દાળ આપે; પરંતુ લેણદારનો દીકરો ઉઘરાણીએ જાય ત્યારે દેણદાર જીવલાને ઘેર એને શીરો જમવાનો હક. લેણદાર અને દેણદારના આવકમાં રહેલો આ વિરોધાભાસ લેખકે પોતાના સ્વાનુભવથી જણાવ્યો છે.

2) દર વર્ષે જીવલો લેખકના ઘરે કઈ કઈ વસ્તુઓ આપવા જતો ?
→ દર વર્ષે જીવલો લેખકના ઘરે અનાજ, કઠોળ, શેરડી, શાકભાજી, ગોળ વગેરે વસ્તુઓ આપવા જતો.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



4\. 1) ભુવલાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં કરો.

⇒ અભણ ભુવલાએ ખેતર વેચાતું લેવા લેખકના પિતા પાસેથી ત્રણસો રૂપિયા વ્યાજે લીધા. તે પ્રામાણિક અને દાનતનો શુદ્ધ હતો. ગમે તેવાં માઠાં વર્ષ ગયાં હોય અને પાક સારો ઊતર્યો ન હોય તોપણ શાહુકારના છોકરાને આપદા ન પડવી જોઈએ, એટલે જેટલા પૈસા મળે તેટલા ચૂકવતો. ઉપરાંત દર વર્ષે લાકડાં, કાંગર, કઠોળ, ગોળ, કેરી, શાકભાજી, બોર, જાંબુ, શેરડી વગેરે શાહુકારને ત્યાં જઈ આપી આવતો. તેની પત્નીના મૃત્યુ પછી તેનું બારમું કરવા બીજા શાહુકાર પાસેથી કરજ લીધેલું. લેખક તેને ત્યાં ઉઘરાણું કરવા જતા તો તેને ઋતુઋતુનાં ફળ, ચણાનો ઓળો, શેરડી, બોર, કેરી વગેરે ખાવા આપતો અને સાથે ઘેર લઈ જવા પણ બાંધી આપતો. લેખક ભાતું લીધા વિના આવ્યા હોય, તો તેમને ભાવતો શીરો જમાડતો. લેખકને વાલોળ અને રીંગણાં બાંધી આપવા માટે તેની પાસે એકાદ થેલી પણ ન હતી. જુવાનીમાં પણ ભુવલો તદ્દન કૃશ થઈ ગયો હતો. તેના પુત્રની અઈનાગન દશા દરિદ્રતાને શરમાવે તેવી હતી. લેણદારના પૈસા દૂધે ધોઈને આપવા માટે ભુવલો રાતદિવસ કાળી મજૂરી કરતો તોપણ તેનાં છોકરાં ભૂખે મરતાં. ભુવલાની શુદ્ધ દાનત, પ્રામાણિકતા અને તેના કુટુંબની અત્યંત કરુણ દશા જોઈને લેખકે તેને ચોપડાની ઇન્દ્રજાળમાંથી મુક્ત કર્યો.

2) રાતો ચોપડો ફાડી નાખવા પાછળ લેખકનું મનોમંથન કેવું હતું ?

→ ભુવલાને ત્યાંથી પાછા ફરતાં લેખકે તેની પાસે એકાદ થેલી માગી ત્યારે ભુવલાએ કહ્યું, 'બોરીને તો વળી કોથળી કેવી ?' આ શબ્દો સાંભળીને લેખકને તે રાતે મોડે સુધી ઊંઘ ન આવી. એક બાજુ ભુવલાનો પ્રેમ અને બીજી બાજુ તેની કારમી ગરીબાઈ યાદ આવ્યાં. તેઓ જ શોષણખોર છે અને બોરી જેવી દુર્દશા કરનાર પણ પોતે જ છે એ ભાવ એમના મનમાં જાગ્યો. તેમના મનમાં મનોમંથન ચાલ્યું. ભુવલાને ત્યાં તેઓ શીરો જમતા હતા તેના નાગડા અને ભૂખને લીધે પેટમાં ખાડા પડી ગયેલા નાના છોકરા લેખકની સામે ટીકીટીકીને જોતા હતા એ દૃશ્ય નજર સામે ખડું થયું. આ ગરીબ ભુવલાના છોકરાના મોંમાંથી કોળિયો પોતે ઝૂંટવ્યો હોય એવું લેખકને લાગ્યું. આટલું ઓછું હોય તેમ બે થેલી ભરીને શાકભાજી લઈ આવ્યા. લેખકને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો. અંતે તેમણે ભુવલા પાસેથી જાણી લીધું કે તેણે ખરેખર કેટલું કરજ લીધેલું. આટલા વર્ષે વ્યાજનું વ્યાજ ચડીને ₹1500 લેણા નીકળતા હતા. અંતે ભુવલાની કરુણ દશાથી દ્રવિત થયેલા લેખકે એ રાતા ચોપડાનાં બધાં પાનાં ફાડી નાખી તેને લેણાંમાંથી મુક્ત કર્યો.

Scanned with OKEN Scanner

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર     ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION